# નવસારી કૃષિ યુનિવર્સિટી,
# નવસારી

## :: પરિપત્ર ::

નવસારી કૃષિ યુનિવર્સિટી ની યુનિટ / સબ–યુનિટ કચેરીઓના અધિકારીશ્રી / **DDO** ને આથી જણાવવામાં આવે છે કે,નાણાંકીય વર્ષ ૨૦૧૭–૧૮ માં ફેબ્રુઆરી–૨૦૧૮ માં પગાર બીલ રજુ કરવામાં આવે ત્યારે આવકવેરા કપાત સબંધી નીચેની વિગતોની ચકાસણી તેમના ધ્વારા કરવાની રહેશે.

(૧) ન. કૃ. યુ. માં સર્વે યુનિટ / સબ–યુનિટ કચેરીઓ તરફથી પોતાની રીતે જુદા જુદા ફોર્મેટમાં તૈયાર કરેલ **I.T** ફોર્મ ફેબ્રુઆરી માસમાં પગાર બીલ સાથે રજુ કરવામાં આવે છે, જેના કારણે **I.T** ફોર્મની ચકાસણી કરવામાં તકલીફ ઉપસ્થિત થાય છે, આવુ ન બને અને યુનિ.માં એક સુત્રતા જળવાઈ રહે તે હેતુ થી આ સાથે સામેલ રાખેલ **I.T** ફોર્મમાં જ વિગતો ભરીને ફેબ્રુઆરી–૧૮ ના પગાર બીલ સાથે સામેલ રાખવા જણાવવામાં આવે છે, જે તે કચેરીના **DDO** એ જે અંગેની તકેદારી રાખવાની રહેશે.

(૨) સબંધિત કર્મચારી તરફથી આવેલ **I.T** ફોર્મમાં દર્શાવવામાં આવેલ વિગત સામેની રકમ વ્યવસ્થિત દર્શાવવામાં આવેલ છે કે કેમ ? તેમજ જરૂરી બિડાણો રજુ કરેલ છે કે કેમ ? તેમજ નિયમોનુસારની કપાત કર્યા બાદ ભરવાનો થતો **I.T** **+** ૩% ટેક્ષની ગણત્રી બાદ ખરેખર ભરવાના થતાં ટેક્ષ સામે જાન્યુઆરી માસ સુધી ભરેલ ટેક્ષ બાદ(–) કરી ફેબ્રુઆરીમાં કપાત કરવાના થતા ટેક્ષની ગણત્રી બરોબર કરેલ છે કે કમ ? તેની ચકાસણી કરવાની રહેશે.

(૩) જે કર્મચારીએ **I.T** માંથી ઘરભાડા બાદ લીધેલ હોય તેઓની ભાડા પહોંચ ઉપર ***ઘરમાલિકનુ પુરૂ નામ, સરનામુ, મો. નંબર / ફોન નંબર*** વિગત ઉપરાંત નીચેના ***" અ "*** થી ***" ડ "*** પૈકીના આધારો રજુ કરેલ છે કે કેમ ? તેની ચકાસણી કરવાની રહેશે.

**(અ) ભાડા કરાર (બ)** રહેઠાણના નજીકના પોલીસ્ટેશનમાં નોંધાવેલ નોંધ અંગેનો હુકમ **(ક)** રહેઠાણના એરીયામાં હોય તે ગ્રામ – તાલુકા પંચાયત / નગરપાલીકા / મહા નગરપાલીકામાં ભાડુઆત તરીકે કરાવેલ નોંધ ની નકલ(ડ) ભાડુઆતકરીકે વાર્ષિક રૂા. ૧ લાખથી વધુ ભાડુ ચૂકવેલ હોય તો ઘરમાલિકના પાન કાર્ડની ઝેરોક્ષ નકલ રજુ કરવાની રહેશે.

(૪) જે કર્મચારીએ **I.T** માંથી ઘરભાડા બાદ લેવા ઈચ્છતા હોય તેવા કર્મચારીએ સદર પરિપત્ર સાથે સામેલ પત્રક **" A "**મુજબનુ પત્રક ઈન્કમટેક્ષના પત્રક સાથે રજુ કરવાનુ રહેશે, જેથી અત્રેથી ગણત્રી કરવામાં સરળતા રહે.

(૫) અત્રેની યુનિ.ના **DDO** ને માત્ર **સી.એમ.રીલીફ ફંડ / પી.એમ. રીલીફ ફંડ** બાદ આપવાની સત્તા છે, તે સિવાય કોઈ પણ પ્રકારની શૈક્ષણિક ફી / ડોનેશન / ધર્માદા ફંડ / અનુદાન બાદ આપવાની સત્તા એનાયત થયેલ નથી જેથી સબંધિત કર્મચારી ધ્વારા આવી રકમ બાદ લેવાની રહેતી હોય તો **I.T** રીટર્ન ભરીને તેમાંથી રીફંડ લેવાના રહેશે.

(૬) અત્રેની યુનિ.માં જે અધિકારી / કર્મચારીઓની વાર્ષિક આવક રૂા. ૨,૫૦,૦૦૦/– અથવા તેથી વધુ થતી હોય તેઓએ ફરજીયાત **I.T** ફોર્મ રજુ કરવાના રહેશે.

(૭) જે તે અધિકારી / કર્મચારીની વાર્ષિક આવક ધ્યાને લઈ તેની ઉપર ભરવાનો થતો આવકવેરો માસિક એ સરખા હપ્તાથી પગાર બીલમાંથી કપાત થાય તે જોવાની જવાબદારી આવકવેરા નિયમ હેઠળ જે તે નાણાં ઉપાડ અને ચૂકવણા અધિકારીની નકકી થયેલ છે, જે ધ્યાને લેવા વિનંતી તેમજ આવી જોગવાઈ હોવા છતાં જે તે**DDO** ધ્વારા જે તે અધિકારી / કર્મચારીની આવકની ગણત્રી કર્યા વગર **અસમાન** રીતે આવક વેરાની કપાત કરવામાં આવશે તો તેની આવકવેરા તરફથી જે કોઈ પેનલ્ટી ભરવાની થશે તેની જવાબદારી **DDO** ની અંગત રહેશે.

ઉપરોકત ક્રમ–૨ અને ક્રમ–૩ ની ચકાસણી કર્યા અંગેનુ જરૂરી પ્રમાણપત્ર નીચેની વિગતે **પગાર બીલના અર્નીંગ રીપોર્ટ** ઉપર **DDO** ધ્વારા અચૂક આપવાનુ રહેશે.

***(A)*** **" I.T ફોર્મની ચકાસણી બરોબર કરવામાં આવેલ છે."*(B)*"જે કર્મચારી ધ્વારા ઘરભાડુ બાદ લેવામાંઆવેલ છે, તેઓ ખરેખર ભાડાના મકાનમાં રહે છે અને તેમના ધ્વારા ચૂકવવામાં આવતા ભાડાની ખરાઈ કરવામાં આવેલ છે."**

**આમ ઉપર મુજબ જે તે નાણાં ઉપાડ અને ચૂકવણા અધિકારી ધ્વારા પુરતી ચકાસણી કરીને જ પગાર બીલો રજુ કરવાના રહેશે. જેથી બિન જરૂરી વાદ–વિવાદ નિવારી શકાય અને પગાર બીલો સમયસર પાસ કરી શકાય.**

**ઉપરોકત પરિપત્રનો અમલ ચુસ્ત પણે કરવા અંગેની જવાબદારી જે તે કચેરીના અધિકારીશ્રી / DDO ની રહેશે.સદર પરિપત્ર હિસાબ નિયામકશ્રીની મંજુરી મેળવી બહાર પાડવામાં આવે છે, જેનો અમલ ચૂસ્ત પણે કરવાનો રહેશે.**

**વહીવટી– વ– હિસાબી અધિકારી**

**જા.નં.નકૃયુ/વવહિઅધિ/બી.૨/પગારબીલ/** 3 ८-23-४० **/૨૦૧૮** **તારીખઃ– ૦૭/ ૦૨ /૨૦૧૮**

***નકલ સવિનય રવાના :–***

૧: નવસારી કૃષિ યુનિવર્સિટીના સર્વે અધિકારીશ્રીઓ તરફ.
૨: નવસારી કૃષિ યુનિવર્સિટીના સર્વે યુનિટ / સબ–યુનિટ અધિકારીશ્રીઓ તરફ
૩: નવસારી કૃષિ યુનિવર્સિટીના સર્વે યુનિટ / સબ–યુનિટ કચેરીઓના ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ

D:\B5\B-5 I. T PARIPATRA

પત્રક "A"

-: ઘરભાડા પહોંચ :-

ઘરમાલિકનુ પુરૂ નામ,
પુરૂ સરનામુ,
મો. નંબર / ફોન નંબર

ઘરમાલિકની સહી/-

:: પગાર બીલ સાથે અલગથી ઘરભાડા કપાત અંગેનુ રજુ કરવાનુ પત્રક ::

| અ.નં. | વિગત | ગણત્રી |
|---|---|---|
| ૧. | વર્ષદરમ્યાન લીધેલ પગાર + ગ્રેડ પે + ડી.એ. = ત્રણનો કુલ સરવાળો | ક્રમ નં.-૧ ના ૧૦ % |
| ૨. | વર્ષ દરમ્યાન ચૂકવેલ ઘરભાડુ | રકમ લખવી |
| ૩. | ક્રમ નં. ૧ માં થી ક્રમ નં. ૨ બાદ કરતા આવતી રકમ | રકમ લખવી |
| ૪ | ક્રમ નં.૨ અને ક્રમ નં.૩ પૈકી આવતી ઓછી રકમ | ઘરભાડા કપાતમાં મળવા પાત્ર થાય ( રકમ દર્શાવવી ) |
| ઉપરોકત ક્રમ નં.૨ અનેક્રમ નં.૩ પૈકી જે રકમ ઓછી હોય તે ઘરભાડા કપાતમાં મળવા પાત્ર થાય. | | |

ચકાસણી કરતા બરોબર માલુમ પડેલ છે.

સહી/-
ઉપાડ અને ચૂકવણા અધિકારી

## STATEMENT OF INCOME TAX FOR THE FINANCIAL YEAR:2017-18

| | | | |
|---|---|---|---|
| NAME: | Emp NO. | AS.Year | 2018-2019 |
| DESIG: | PAN NO. | Birth Day: | |
| TAN.NO. | BANK A/C.NO | NAUPF No. | |
| OFFICE Account Officer (Cash), Navsari Agricultural University, Navsari. | | | |

| Sr. No. | Particulars | Amount |
|---|---|---|
| 1) | Salary | |
| | (a) Pay, Dearness allowances,Grade Pay | |
| | (b) Special Pay,Honorarium,Charge allowance,Radio Talk/Interest on Saving etc. | |
| | (c) Free accommodation of Bungalow limited to HRD@ 10% | |
| | (d) HRA received | |
| | (e) Medical Allowance received | |
| | (f) Arrears | |
| | Total of salary(a to f) | |
| 2) | Less: a. HRA u/s 10 (13A) Actual rent Paid -10 % of salary | |
| | b.Professional Tax u/s 16 (iii) | |
| 3) | Total Deduction (a+b) | |
| 4) | Income under head salary (1-3) | |
| 5) | Add: Income from other sources | |
| | (a)NSC Interest | |
| | (b)Bank Interest | |
| | (c)UTI Interest/dividends/any other Interest | |
| | Total amount added in Income (a + b + c) | |
| 6) | Gross Total Income (4 + 5) | |
| 7) | Less: Deductions Under (VI-A) | |
| | (a) Interest paid on housing loan for self occupied house property | |
| | (b) Mediclaim insurance premium (u/s 80 D upto 15000/-) | |
| | (c) Expenses for medical treatment for self or dependant or HUF member(u/s 80DD) | |
| | (d) Deduction in respect of interest on loans for pursuing higher studies(u/s E) | |
| | (e) Salary Recovery amount | |
| | | |
| | Total amount deductable Under VI-A (A to E) | |
| 8) | Total Income (6-8) | |
| 8) | Total Income (6-8) | |
| 9) | (A) Investment (Chapter-VIII) | |
| | (a) Contribution to GPF /NPS | |
| | (b) GSLI | |
| | (c) Total LIC Premium paid | |
| | (d) Total PLI premium paid / ICICI Prudential life insurance | |
| | (e) Contribution to Public Provident Fund Account (PPF) | |
| | (f) Repayment of HBA loan | |
| | (g) New Purchase of NSC | |
| | (h) Interest of NSC reinvested | |
| | (i) ULIP Investment/College Tuition Fees | |
| | (j) Mutual Fund Investment | |
| | (k) Investment under pension plan | |
| | | |
| | Total 10(A) (a) to (k) | |
| | Maximam amount limited 1,50,000/- | |
| | Total 10(A+B) | |
| 10) | Taxable Income (08 -09) | |
| 11) | Taxable Income (Nearest Rs 10/-) | |
| 12) | Tax on taxable income | |
| 13) | If Income is less than 3,50,000/- Rs.2500/- is to be deducted from total income tax | |
| 14) | Add 3 % Education cess (On item No. 14) | |
| 15) | Total Tax (Payable) (14+15) | |
| 16) | Tax Paid upto January - 2018 | |
| 17) | Tax to be deducted from Pay Bill of Feb-2018(16-17) | |

Name

Designation

Navsari Agricultural University

Navsari

**Computation of Income Tax**

| | |
|---|---|
| < 2,50,000 of Taxable Income | No Tax |
| 2,50,000 to 5,00,000 of Taxable Income | 5 % above Rs. 2,50,000 |
| 5,00,000 to 10,00,000 of Taxable Income | 12500 + 20 % > 5,00,000 |
| > 10,00,000 | 112500 + 30 % above 10,00,000 |
| **Education cess 3%** | On total income tax |

**Senior Citizen above 60 years**

| | |
|---|---|
| < 3,00,000 of Taxable Income | No Tax |
| 3,00,000 to 5,00,000 of Taxable Income | 5% above Rs. 3,00,000 |
| 5,00,000 to 10,00,000 of Taxable Income | 10000 + 20 % > 5,00,000 |
| > 10,00,000 | 110000 + 30 % above 10,00,000 |
| **Education cess 3%** | On total income tax |